# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 11-Dec-2024 સવારે : 7.45 થી 7.55

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર એનાયત કરશે.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં મહાન તમિલ કવિ અને સ્વાતંત્ર્ય સેનાની સુબ્રમણ્યમ ભારતીની સંપૂર્ણ રચનાઓના સંગ્રહનું વિમોચન કરશે.
3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, 'ભારત હંમેશા રશિયાની પડખે ઊભું છે અને ભવિષ્યમાં પણ ઊભું રહેશે.'
4) હોંગકોંગ મામલામાં હસ્તક્ષેપ કરવા બદલ ચીને અમેરિકી કર્મચારીઓ પર વિઝા પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો.
5) ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે મહિલા ક્રિકેટ વન-ડે શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ આજે પર્થમાં રમાશે.

### *PREZ NATIONAL PANCHAYAT AWARDS*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં રાષ્ટ્રીય પંચાયત પુરસ્કાર એનાયત કરશે. આ વર્ષે પુરસ્કાર માટે પાયાના સ્તર પર શાસન અને સમાજના વિકાસની વ્યાપક સિદ્ધિઓને દર્શાવતી વિવિધ શ્રેણીઓમાં કુલ 45 લોકોને

પસંદ કરાયા છે, જેમાં ગુજરાતનાં એક પુરસ્કારનો પણ સમાવેશ થાય છે. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાની વાવકુલ્લી ગ્રામ પંચાયતને સુશાસન ધરાવતી પંચાયત શ્રેણીમાં પુરસ્કાર મળ્યો છે. આ વર્ષે સ્પર્ધામાં 1 લાખ 94 હજાર ગ્રામ પંચાયતોએ ભાગ લીધો હતો. કુલ પુરસ્કાર વિજેતાઓમાં 42 ટકા પંચાયતોમાં મહિલાઓની આગેવાની છે.

સમારોહ દરમિયાન પંચાયતીરાજ મંત્રી પુરસ્કાર વિજેતા પંચાયતોની નવીન અને અસરકારક કાર્ય પ્રણાલિઓ અંગે એક પુસ્તિકાનું અનાવરણ કરશે. મંત્રાલયે નિવેદનમાં જણાવ્યું કે, આ પુરસ્કારોનો ઉદ્દેશ અન્ય પંચાયતોને શ્રેષ્ઠ કાર્યપ્રણાલિ અપનાવવા પ્રેરિત કરવા તેમજ ગ્રામ્ય ભારતને સર્વાંગી વિકાસમાં યોગદાન આપવાનો છે.

.................

## *RIJIJU NO CONFIDENCE MOTION*

સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ ગઈકાલે રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડ સામે વિપક્ષ દ્વારા અપાયેલી નોટિસની ટીકા કરી હતી. આ નોટિસમાં વિપક્ષે શ્રી ધનખડ પર ગૃહમાં ભેદભાવપૂર્ણ કામ કરવાનો આક્ષેપ લગાવ્યો છે. નવી દિલ્હીમાં માધ્યમો સાથે વાત કરતા શ્રી રિજિજૂએ કહ્યું, કૉંગ્રેસ પક્ષ અને તેમના સહયોગીઓએ સભાપતિના નિર્દેશોનું પાલન ન કરી તેમના હોદ્દાનો અનાદર કર્યો છે.

(બાઈટ- કિરેન રિજિજૂ, સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી)

.................

## *PM-TAMIL-POET*

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને મહાન તમિલ કવિ અને સ્વાતંત્ર્ય સેનાની સુબ્રમણ્યમ ભારતીની સંપૂર્ણ રચનાઓના સંગ્રહનું

વિમોચન કરશે. સુબ્રમણ્યમ ભારતીના લખાણોએ લોકોમાં દેશભક્તિ જગાડી, ભારતીય સંસ્કૃતિ અને દેશની આધ્યાત્મિક વારસાનો સાર લોકો સુધી એવી ભાષામાં લખ્યો હતો. તેમની સંપૂર્ણ કૃતિઓના 23 ગ્રંથોના સમૂહનું સંકલન અને સંપાદન સીની વિશ્વનાથન દ્વારા કરાયું છે અને એલાયન્સ પબ્લિશર્સ દ્વારા પ્રકાશિત કરાયું છે. તેમાં સુબ્રમણયમ ભારતીના લખાણોની આવૃત્તિઓ, સમજૂતીઓ, દસ્તાવેજો, પૃષ્ઠભૂમિની માહિતી અને દાર્શનિક પ્રસ્તુતિની વિગતો છે.

.................

## *JAL SHAKTI SWACHCHHATA*

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલે ગઈકાલે નવી દિલ્હીમાં પંજાબ, મધ્યપ્રદેશ અને બિહારના ગ્રામ્ય સ્વચ્છતાના પ્રભારી રાજ્યમંત્રીઓ સાથે ઉચ્ચ સ્તરની સમીક્ષા બેઠક યોજી હતી. દરમિયાન તેમણે કહ્યું, સ્વચ્છતા એ માત્ર માળખાકીય ધ્યેય નથી, પરંતુ એક વ્યવહારુ અભિયાન છે, જે ગ્રામીણ સમુદાયોને આરોગ્ય અને સન્માનને આકાર આપે છે.

શ્રી પાટિલે એ વાત પર ભાર આપ્યો કે, સ્વચ્છ ભારત અભિયાન ગ્રામીણ પરિવર્તનનો પાયો છે. તેમણે રાજ્યોને મહિલા સ્વયં સહાયતા સમૂહો, પ્રાદેશિક નેતાઓ અને ખાનગી ક્ષેત્રના ઉદ્યમોને સામેલ કરીને સમુદાય અને નેતૃત્વ ધરાવતા દ્રષ્ટિકોણને પ્રોત્સાહનના પ્રયાસોને ઝડપી બનાવવાની પણ વાત કરી હતી. બેઠકમાં વિકાસનું મુલ્યાંકન અને પડકારોના સમાધાન તેમજ ગ્રામ્ય ભારતમાં કાયમી સ્વચ્છતા માટે વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રીત કરાયું હતું.

.................

## *MORN RAJNATH VLADIMIR PUTIVN*

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગઈકાલે મૉસ્કોમાં રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી. બેઠક દરમિયાન શ્રી સિંહે બંને દેશની મૈત્રીનો ઉલ્લેખ

કરતાં કહ્યું કે, 'ભારત હંમેશા રશિયાની સાથે ઊભું છે અને ભવિષ્યમાં પણ આવું જ થશે.' સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, બંને નેતાઓએ દ્વિપક્ષી સંરક્ષણ સંબધોના વિવિધ પાસાઓ પર વાતચીત કરી હતી. તેમણે આશા વ્યક્ત કરી કે, બંને દેશ વચ્ચેની ભાગીદારી અને પરસ્પર પ્રયાસોથી મહત્વના પરિણામ મળી શકશે.

આ પેહલા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે રશિયાના તેમના સમકક્ષ આન્દ્રે બેલોસોવની સાથે સેના અને સૈન્ય ટેક્નિકલ સહયોગ પર ભારત-રશિયા આંતર-સરકારી આયોગની 21મી બેઠકની સહ-અધ્યક્ષતા પણ કરી હતી. શ્રી સિંહે કહ્યું, 'ભારત અને રશિયાના સંબંધ ઘણા મજબૂત છે અને બંને દેશે વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીની જવાબદારી નિભાવી છે.'

બંને સંરક્ષણ મંત્રીઓએ સહયોગના વર્તમાન અને સંભવિત ક્ષેત્રો અંગે 21મી બેઠકની રૂપરેખા પર હસ્તાક્ષર પણ કર્યા હતા.

.................

## *UGC-CUET*

વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ -UGCએ આવતા વર્ષથી પૂર્વસ્નાતક-UG અને અનુસ્નાતક - PG પ્રવેશ માટે કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ - CUETમાં ફેરફારોની જાહેરાત કરી છે.

CUET-UG 2025 થી માત્ર કમ્પ્યુટર આધારિત ટેસ્ટ સીબીટી મોડમાં જ લેવાશે. UGCના અધ્યક્ષ એમ જગદેશ કુમારે માધ્યમોને જણાવ્યું કે વિદ્યાર્થીઓને ધોરણ-12માં ભણેલા વિષયોને ધ્યાનમાં લીધા વિના કોઈ પણ વિષયમાં CUET-UG માટે બેસવાની મંજૂરી અપાશે. CUET- યુજી 2025 સત્રથી 37 ને બદલે 63 વિષયોમાં લેવાશે. તમામ CUET-UG પરીક્ષાઓનો સમયગાળો 60 મિનિટનો એકસમાન હશે.

શ્રી કુમારે જણાવ્યું કે પરીક્ષામાં વૈકલ્પિક પ્રશ્નોનો ખ્યાલ દૂર કરાયો અને હવે તમામ પ્રશ્નો ફરજિયાત રહેશે. વિદ્યાર્થીઓ વર્ષ 2025થી CUET-UGમાં વધુમાં વધુ

પાંચ વિષયો માટે હાજર રહી શકશે, જે અગાઉ છ હતા. UGCના અધ્યક્ષે જણાવ્યું કે આયોગ દ્વારા રચાયેલી નિષ્ણાત પેનલે પરીક્ષાની સમીક્ષા હાથ ધરી હતી અને ઘણા ફેરફારો સૂચવ્યા હતા.

.................

## *CHINA US VISA RESTRICTIONS*

ચીનના વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા માઓ નિન્ગે કહ્યું કે, 'ચીને હૉંગકૉંગ મામલામાં હસ્તક્ષેપ કરવા બદલ અમેરિકી કર્મચારીઓ પર વિઝા પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો છે.' હૉંગકૉંગ વિશેષ વહીવટી ક્ષેત્ર સરકારના અધિકારીઓ પર વિઝા પ્રતિબંધ લગાવવાની હાલની અમેરિકાની જાહેરાતના જવાબમાં બેઈજિંગમાં એક પત્રકાર પરિષદમાં ચીનનાં પ્રવક્તાએ આ મુજબ જણાવ્યું હતું.

માઓ નિન્ગે કહ્યું કે, 'અમેરિકાએ ચીનની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ કર્યો છે અને આંતર-રાષ્ટ્રીય કાયદાઓના સિદ્ધાંતો તથા આંતર-રાષ્ટ્રીય સંબંધોને નિર્ધારિત માપદંડોનું ઉલ્લંઘન કર્યું છે.'

.................

## *WOMEN CRICKET AUS IND*

ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે મહિલા ક્રિકેટ વન-ડે શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ આજે પર્થમાં રમાશે. મેચ ભારતીય સમય મુજબ, સવાર નવ વાગ્યેને 50 મિનિટે શરૂ થશે.

ઑસ્ટ્રેલિયા શ્રેણીમાં બે શૂન્યથી આગળ છે. ઑસ્ટ્રેલિયાએ પહેલી મેચ પાંચ વિકેટથી અને બીજી મેચ 122 રનથી જીતી હતી. આ બંને મેચ બ્રિસ્બનમાં રમાઈ હતી.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે

# અનિલ પટેલ

- રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડ વિરુધ્ધ વિરોધ પક્ષોએ રજૂ કરેલા અવિશ્વાસ પ્રસ્તાવનાં સમાચારને મોટાં ભાગનાં અખબારોએ હેડલાઇનમાં લીધા છે.
- ઇન્ડિયા બ્લોકનાં વડાં તરીકે મમતા બેનરજીને વધતું સમર્થન- આ સમાચાર રાજસ્થાન પત્રિકા અને નવગુજરાત સમયે પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે
- લગ્ન સંબંધોમાં વિખવાદો વચ્ચે કાયદાનો દુરુપયોગ ચિંતાજનકઃ દહેજનો કાયદો વેર વાળવા માટે નથી, અદાલતો દુરુપયોગ રોકેઃ સુપ્રીમ કોર્ટ – આ ગુજરાત સમાચારની હેડલાઇન છે.
- નવગુજરાત સમયે પ્રથમ પાને ઉત્તરકાશીમાં બરફવર્ષાની તસવીર પ્રકાશિત કરીને લખ્યું છે કે, સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીએ જોર પકડ્યું છે
- નવગુજરાત સમય અને રાજસ્થાન પત્રિકાનાં સમાચાર પ્રમાણે મેહુલ ચોક્સીની બે હજાર 566 કરોડ રૂપિયાની સંપત્તિ લિલામ કરવા વિશેષ અદાલતે મંજૂરી આપી છે
- સ્થાનિક સમાચારોમાં જોઇએ તો- ગુજરાત સમાચાર લખે છે કે, શિક્ષણ ક્ષેત્રમાં લોલંલોલ-પાટણમાં ખાનગી યુનિવર્સિટી પણ કાગળ પર.
- સંદેશ દૈનિકે 'માઉન્ટ આબુમાં માઇનસ ત્રણ ડિગ્રી' શિર્ષક સાથે આબુની તસવીર પ્રકાશિત કરી છે
- આ ઉપરાંત જ્યોર્જ સોરોસ મુદ્દે સંસદમાં હોબાળો, અદાણી મુદ્દે કાળા થેલા સાથે સંસદભવન પરિસરમાં વિરોધ પ્રદર્શન, ભૂતપુર્વ વિદેશમંત્રી અને કર્ણાટકના મુખ્યમંત્રી એસ એમ કૃષ્ણાનું અવસાન, સરકારી બેન્કોની ગ્રોસ એનપીએ ત્રણ લાખ 16 હજાર કરોડ રૂપિયા જેવા સમાચારોને સ્થાન આપવામાં આવ્યું છે.

--------------